સભાગૃહમાં રજૂ થયા તારીખ: ૧૩/૦૯/૨૦૨૩

सत्यमेव जयते

# અંદાજ સમિતિ

# પહેલો અહેવાલ

# પંદરમી ગુજરાત વિધાનસભા

## (નાણાં વિભાગ)

**(અંદાજપત્ર પ્રકાશનમાં દર્શાવવામાં આવેલ જોગવાઈ રૂપિયા લાખને બદલે કરોડમાં દર્શાવવા અંગે નાણા વિભાગ દ્વારા મળેલ દરખાસ્ત પરનો અહેવાલ)**

**ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**વિઠ્ઠલભાઈ પટેલ ભવન,**
**સેક્ટર–૧૦, ગાંધીનગર–૩૮૨૦૧૦**

સભાગૃહમાં રજૂ થયા તારીખઃ ૧૩/૦૯/૨૦૨૩

सत्यमेव जयते

# અંદાજ સમિતિ

# પહેલો અહેવાલ

# પંદરમી ગુજરાત વિધાનસભા

## (નાણાં વિભાગ)

**(અંદાજપત્ર પ્રકાશનમાં દર્શાવવામાં આવેલ જોગવાઈ**
**રૂપિયા લાખને બદલે કરોડમાં દર્શાવવા અંગે**
**નાણા વિભાગ દ્વારા મળેલ દરખાસ્ત પરનો અહેવાલ)**

**ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**વિઠ્ઠલભાઈ પટેલ ભવન,**
**સેક્ટર–૧૦, ગાંધીનગર–૩૮૨૦૧૦**

HB-406-50-9-23-SSD

©

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧. | પ્રાસ્તાવિક | ૧ |
| ૨. | અહેવાલ | ૧ |
| ૩. | નાણા વિભાગની દરખાસ્ત | ૩ |
| ૪. | પરિશિષ્ટ–૧ | ૪ |

## **અંદાજ સમિતિ**

(સન ૨૦૨૩–૨૪)

### **પ્રમુખશ્રી**

શ્રીમતી મનીષાબેન વકીલ

### **સભ્યશ્રીઓ**

ડૉ. તુષાર ચૌધરી
શ્રી બલરાજસિંહ ચૌહાણ
શ્રી કનુભાઈ પટેલ
શ્રી હર્ષદ્કુમાર પટેલ
શ્રી ભગવાનજીભાઈ કરગટીયા
શ્રી ભગાભાઈ બારડ
શ્રી મહંત શંભૂનાથ ટુંડિયા
શ્રી ગોવિંદભાઈ પરમાર
શ્રી અર્જુનસિંહ ચૌહાણ
શ્રી માનસિંહ ચૌહાણ
શ્રી જયદ્રથસિંહજી પરમાર
શ્રીમતી સંગીતાબેન પાટીલ
શ્રી વિનોદભાઈ મોરડીયા
શ્રી અરવિંદ પટેલ

### **ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી. એમ. પટેલ, સચિવ
શ્રીમતી રીટા મહેતા, નાયબ સચિવ
કુ. ડી. કે. મુનીઆ, ઉપ સચિવ
શ્રીમતી નઝમા મેરૂજય, સેક્શન અધિકારી

## **અંદાજ સમિતિ**

(સન ૨૦૨૨–૨૩)

### **પ્રમુખશ્રી**

શ્રી બાબુભાઇ બોખીરીયા

### **સભ્યશ્રીઓ**

શ્રી દિલીપકુમાર ઠાકોર
શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા
શ્રી શંભુજી ઠાકોર
શ્રી હિંમતસિંહ પટેલ
શ્રી સુરેશભાઇ પટેલ
શ્રી નૌશાદ સોલંકી
શ્રી ઋત્વિકભાઇ મકવાણા
શ્રીમતી વિભાવરીબેન દવે
શ્રી સી.કે. રાઉલજી
શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા
શ્રી મોહનસિંહ રાઠવા
શ્રી કિશોર કાનાણી (કુમાર)
શ્રી પુનાભાઇ ગામીત
શ્રી ભરતભાઇ પટેલ

### **ગુજરાત વિધાનસભા સચિવાલય**

| | |
|---|---|
| શ્રી ડી. એમ. પટેલ, | સચિવ |
| શ્રીમતી રીટા મહેતા, | નાયબ સચિવ |
| કુ. ડી. કે. મુનીઆ, | ઉપ સચિવ |
| શ્રીમતી નઝમા મેરૂજય, | સેકશન અધિકારી |

## અહેવાલ

હું, અંદાજ સમિતિનો પ્રમુખ નાણા વિભાગે અંદાજપત્ર પ્રકાશનોમાં પ્રકાશિત થતા અંદાજોની રકમ રૂ. લાખમાં દર્શાવવાના બદલે રૂ. કરોડમાં દર્શાવવાને લગતો પંદરમી ગુજરાત વિધાનસભાની સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરુ છું.

૨. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૯ હેઠળ અંદાજ સમિતિના કાર્યોની જોગવાઈ કરવામાં આવી છે, જેમાં સમિતિને યોગ્ય લાગે તેવા અથવા સભાગૃહ કે અધ્યક્ષશ્રી તરફથી સોંપવામાં આવે તેવા અંદાજોની તપાસ કરવાનું તેમજ સભાગૃહ સમક્ષ અંદાજો કયા સ્વરૂપમાં રજૂ કરવા તે સૂચવવાનો સમાવેશ થાય છે. નાણા વિભાગ તરફથી અંદાજપત્ર પ્રકાશનોમાં પ્રકાશિત થતી રકમો રૂા. લાખમાં દર્શાવવાના બદલે રૂા. કરોડમાં દર્શાવવાની દરખાસ્ત અંદાજ સમિતિની વિચારણા માટે રજૂ કરેલ છે.

આમ, ઉકત બાબત નાણા વિભાગ દવારા અંદાજ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી હોવાથી માનનીય અધ્યક્ષશ્રીએ નીચેની બાબત સમિતિની વિચારણા અર્થે સોંપી છે.

**અંદાજપત્ર પ્રકાશનોમાં દર્શાવવામાં આવતી રકમો ‘‘રૂા. લાખમાં દર્શાવવાના બદલે રૂા. કરોડમાં દર્શાવવા’’ બાબતની નાણા વિભાગની દરખાસ્ત.**

૩. ઉકત બાબત સંબંધમાં નાણા વિભાગે મોકલેલ વિગતવાર નોંધની સમિતિએ તેની તા.૦૩–૧૦–૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં વિચારણા કરી હતી અને નાણા વિભાગે કરેલ દરખાસ્તને મંજૂરી આપી હતી. સમિતિએ તેનો આ અહેવાલ તા. ૧૦–૧૦–૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં મંજૂર કર્યો હતો.

૪.	નાણા વિભાગ તરફથી સમિતિને મોકલેલ નોંધમાં જણાવ્યા મુજબ (જુઓ પરિશિષ્ટ–૧) રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે આગામી નાણાકીય વર્ષ માટે આવક જાવકના અંદાજોનો સમાવેશ કરતું અંદાજપત્ર તૈયાર કરી વિધાનસભાગૃહમાં મંજૂરી માટે રજૂ કરવામાં આવે છે. ગુજરાત રાજ્યનું પ્રથમ અંદાજપત્ર સને ૧૯૬૦–૬૧ માં રજૂ થયેલ ત્યારે અંદાજપત્રની રકમ ૧૧,૪૯,૨૮૨ (રૂપિયા હજાર) માં હતી. ત્યારબાદ સને ૨૦૧૬–૧૭ના વર્ષથી અંદાજપત્ર પ્રકાશનમાં દર્શાવવામાં આવતી જોગવાઈ રૂા. લાખમાં દર્શાવવાની અંદાજ સમિતિના તેરમી ગુજરાત વિધાનસભાના નવમા અહેવાલ તા.૨૩/૦૩/૨૦૧૬થી મંજૂરી મળતા જોગવાઈ રૂા. હજારને બદલે રૂા. લાખમાં દર્શાવવામાં આવે છે. સને ૨૦૨૨–૨૩ ના વર્ષનાં અંદાજપત્રની રકમ રૂા. ૨૪,૩૯,૬૪,૭૨,૪૫,૦૦૦ (રૂપિયા હજાર)માં હતી. આમ, દર વર્ષે અંદાજપત્રના કદમાં ઘણો વધારો થતો જાય છે.

રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં આવતા અંદાજપત્ર પ્રકાશનો પૈકી ગ્રીન બુકમાં દર્શાવવામાં આવતી જોગવાઈની રકમ અનુક્રમે રૂા. કરોડ અને રૂા.લાખમાં દર્શાવવામાં આવે છે. જ્યારે અન્ય પ્રકાશનો એટલે કે નાણા વિભાગના અંદાજપત્ર પ્રકાશનમાં દરેક જોગવાઈ રૂપિયા લાખમાં દર્શાવવામાં આવે છે. નવી બાબતના રાઈટ અપમાં જોગવાઈ પણ રૂપિયા લાખમાં દર્શાવવામાં આવે છે જ્યારે અન્ય પ્રકાશન જેવા કે, ક્રમાંક: ૩૦,૩૩,૩૪ માં રકમ રૂપિયા કરોડમાં દર્શાવવામાં આવે છે.

૫.	ઉપર મુજબની હકીકત ધ્યાને લઈને અંદાજપત્ર પ્રકાશનમાં સમાવેશ કરવામાં આવતી જોગવાઈની રકમ જે હાલ રૂ. લાખમાં દર્શાવવામાં આવે છે તેને બદલે રૂ. કરોડમાં દર્શાવવામાં આવે તો સમજવામાં ઘણી સરળતા રહે તેમજ દરેક પ્રકાશનોમાં રકમ અંગેની એકસૂત્રતા જળવાઈ રહે.

ઉક્ત વિગતે નાણા વિભાગ દ્વારા મોકલવામાં આવેલ પૂરક નોંધ અંગે સમિતિએ તેની બેઠકમાં કાળજીપૂર્વક વિચારણા કરી હતી અને સમિતિને નાણા વિભાગની રજૂઆત વાજબી લાગે છે.

તદ્દનુસાર **અંદાજપત્ર પ્રકાશનોમાં પ્રકાશિત કરવામાં આવતી રકમો રૂા. લાખમાં દર્શાવવાના બદલે રૂા. કરોડમાં દર્શાવવા સમિતિ ભલામણ કરે છે.**

સમિતિના કામકાજમાં ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ અને નાણા વિભાગના કર્મચારીઓએ આપેલ સહાયની સમિતિ નોંધ લે છે.

| | |
|---|---|
| **ગુજરાત વિધાનસભા સચિવાલય** | **બાબુભાઇ બોખીરીયા** |
| **ગાંધીનગર.** | **પ્રમુખ,** |
| **તા.૧૦/૧૦/૨૦૨૨** | **અંદાજ સમિતિ.** |

નં. અપબ–૧૦૨૦૨૨–૧૦૬–બજેટ.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯–૦૯–૨૦૨૨.

પ્રતિ,
પ્રમુખશ્રી
અંદાજ સમિતિ
ગુજરાત વિધાનસભા,
સચિવાલય, ગાંધીનગર.

<u>વિષય</u> :– અંદાજપત્ર પ્રકાશનમાં દર્શવવામાં આવેલ જોગવાઈ રૂ. લાખને બદલે કરોડમાં દર્શાવવા અંગે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકારશ્રી દ્વારા વિધાનસભા ગૃહમાં રજુ કરવામાં આવતા અંદાજપત્ર પ્રકાશનોમાં અંદાજપત્રીય જોગવાઈ રૂ. લાખમાં દર્શાવવાની દરખાસ્તને અંદાજ સમિતિએ તેમના નવમા અહેવાલ તા.૨૩/૦૨/૨૦૧૬ થી મંજૂરી આપેલ અને તેનો અમલ વર્ષ ૨૦૧૬–૧૭ થી કરવામાં આવેલ પરંતુ અંદાજપત્રીય જોગવાઈનું કદ ઉત્તરોત્તર વધતું જાય છે અને કેન્દ્ર સરકારશ્રી પણ તેમના અંદાજપત્રમાં જોગવાઈ રૂ. કરોડમાં દર્શાવે છે. તે ધ્યાને લઈ આગામી વર્ષ એટલે કે સને ૨૦૨૩–૨૪ ના વર્ષના અંદાજપત્રમાં

અંદાજપત્રીય જોગવાઈ રૂ. લાખને બદલે કરોડમાં દર્શાવવા માટે અંદાજ સમિતિની મંજુરી મેળવી આપવા વિનંતી છે. જે અંગેની દરખાસ્ત આ સાથે સામેલ છે.

બિડાણ: ઉપર મુજબ

આપનો સ્નેહાધીન

(મિલિન્દ તોરવણે)
સચિવ (આ.બા.)
નાણાં વિભાગ.

નકલ સવિનય રવાના (જરૂરી કાર્યવાહી માટે) :

સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

## પરિશિષ્ટ–૧

## રાજ્યના અંદાજપત્ર પ્રકાશનોમાં દર્શાવવામાં આવતી રકમ રૂપિયા લાખને બદલે રૂપિયા કરોડમાં દર્શાવવાની મંજુરી મેળવવા અંગેની નોંધ:

આ વિભાગ દ્વારા દર વર્ષે રાજ્યનું અંદાજપત્ર તૈયાર કરી વિધાનસભા ગૃહમાં રજુ કરવામાં આવે છે. આ અંદાજપત્રમાં કુલ ૬૪ પ્રકાશનો તૈયાર કરવામાં આવે છે. તેમાં અનુક્રમ નંબર ૧ થી ૩૬ પ્રકાશનો અંદાજપત્ર સંબંધિત જ્યારે ૩૭ થી ૪૦ પ્રકાશનો પૂરક માહિતી દર્શાવે છે. તેમજ સચિવાલયના અન્ય વિભાગો દ્વારા પણ અનુક્રમ નંબર ૪૧ થી ૬૪ પ્રકાશનો પ્રકાશિત કરવામાં આવે છે. અંદાજપત્ર પ્રકાશનોની યાદી આ સાથે પત્રક–૧ મુજબ રાખેલ છે.

ગુજરાત રાજ્યનું પ્રથમ બજેટ એટલે કે સને ૧૯૬૦–૬૧નું તા.૨૨/૦૮/૧૯૬૦માં રજૂ થયેલ ત્યારે અંદાજપત્રની રકમ ૧,૧૪,૯૨,૮૨ (રૂપિયા હજાર) માં હતી. અત્યાર સુધી અંદાજપત્ર પ્રકાશનમાં દર્શાવાતા આંકડા રૂપિયા હજારમાં દર્શાવવામાં આવતા હતા. સને ૨૦૧૫–૧૬ ના વર્ષનું અંદાજપત્ર રજુ કરવામાં આવેલ ત્યારે અંદાજપત્રની રકમ રૂ. ૧,૩૯,૧૩,૯૩,૫૪૮ (રૂપિયા હજારમાં )હતી. આમ, દર વર્ષે અંદાજપત્રના કદમાં ઘણો વધારે થતો જાય છે. સને ૨૦૧૬–૧૭ના વર્ષથી અંદાજપત્ર પ્રકાશનમાં દર્શાવવામાં આવતી જોગવાઈ રૂપિયા લાખમાં દર્શાવવાની અંદાજ સમિતિના નવમા અહેવાલ તા. ૨૩/૦૩/૨૦૧૬ થી મંજૂરી મળતાં જોગવાઈ રૂ. હજારને બદલે રૂપિયા લાખમાં દર્શાવવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવતા અંદાજપત્ર પ્રકાશનોની જોગવાઈ રૂપિયા કરોડમાં દર્શાવવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં આવતા અંદાજપત્ર પ્રકાશનો પૈકી ગ્રીન બુક(વાર્ષિક નાણાકીય પત્રક) માં દર્શાવવામાં આવતી જોગવાઈની રકમ અનુક્રમે રૂપિયા કરોડમાં અને રૂપિયા લાખમાં દર્શાવવામાં આવે છે. જ્યારે અન્ય પ્રકાશનો એટલે કે નાણા વિભાગના અંદાજપત્ર પ્રકાશનમાં દરેક જોગવાઈ રૂપિયા લાખમાં દર્શાવવામાં આવે છે. નવી બાબતના રાઈટ અપમાં જોગવાઈ પણ રૂપિયા લાખમાં દર્શાવવામાં આવે છે તેમજ અન્ય પ્રકાશનમાં રકમ રૂપિયા કરોડમાં તથા રૂપિયા લાખમાં દર્શાવવામાં આવે છે.

ઉપર મુજબની હકીકત ધ્યાને લઈ અંદાજપત્ર પ્રકાશનમાં સમાવેશ કરવામાં આવતી જોગવાઈની રકમ જે હાલ રૂપિયા લાખમાં દર્શાવવામાં આવે છે તેને બદલે રૂપિયા કરોડમાં દર્શાવવામાં આવે તો ઘણી સરળતા રહે તેમજ રકમની એકસૂત્રતા જળવાઈ રહે.

ગુજરાત વિધાનસભાના ‘‘જાહેર ખર્ચ ઉપર વિધાનસભાનો અંકુશ’’ નામના પુસ્તકના પાન નં. ૮૦–૮૧/પ.વિ. મુજબ અંદાજો ક્યા સ્વરૂપમાં વિધાનસભામાં રજૂ કરવા તે સુચવવાની બાબત અંદાજ સમિતિના કાર્યક્ષેત્રમાં આવે છે.

ઉપર્યુક્ત વિગતો ધ્યાને લઈ રાજ્યના અંદાજપત્ર પ્રકાશનોમાં સમાવેશ કરવામાં આવતી જોગવાઈ રૂપિયા લાખને બદલે રૂપિયા કરોડમાં દર્શાવવા અને જ્યાં પૂરા રૂપિયામાં દર્શાવવાની જરૂર છે તે જગ્યાએ પુરા રૂપિયામાં દર્શાવવા માટે ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિની મંજૂરી મેળવી આપવા અને તેનો અમલ સને ૨૦૨૪–૨૫ના વર્ષના અંદાજપત્રથી થાય તે માટે પણ મંજૂરી આપવા વિનંતી.

**(મિલિન્દ તોરવણે)**

**સચિવ (આ.બા.)**

**નાણાં વિભાગ.**

## પત્રક–૧

## નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ ના અંદાજપત્ર પ્રકાશનોની યાદી

| ક્રમ | વિભાગનું નામ | પ્રકાશન નંબર | પ્રેસનું નામ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | વાર્ષિક નાણાકિય પત્રક | ૧ | અમદાવાદ |
| ૨ | આવકનું અંદાજપત્ર | ૨ | ગાંધીનગર |
| ૩ | કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૩ | ગાંધીનગર |
| ૪ | શિક્ષણ વિભાગ | ૪ | વડોદરા |
| ૫ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૫ | અમદાવાદ |
| ૬ | નાણા વિભાગ | ૬ | અમદાવાદ |
| ૭ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ | ૭ | અમદાવાદ |
| ૮ | વન અને પર્યાવરણ વિભાગ | ૮ | અમદાવાદ |
| ૯ | સામાન્ય વહીવટ વિભાગ | ૯ | ગાંધીનગર |
| ૧૦ | ગુજરાત વિધાનસભા સચિવાલય | ૧૦ | અમદાવાદ |
| ૧૧ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૧ | ભાવનગર |
| ૧૨ | ગૃહ વિભાગ | ૧૨ | વડોદરા |
| ૧૩ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૩ | ગાંધીનગર |
| ૧૪ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૧૪ | ગાંધીનગર |
| ૧૫ | શ્રમ અને રોજગાર વિભાગ | ૧૫ | રાજકોટ |
| ૧૬ | કાયદા વિભાગ | ૧૬ | અમદાવાદ |
| ૧૭ | વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ | ૧૭ | અમદાવાદ |
| ૧૮ | નર્મદા, જળસંપતિ અને પા.પુ અને કલ્પસર વિભાગ | ૧૮–૧ | વડોદરા |

| ક્રમ | વિભાગનું નામ | પ્રકાશન નંબર | પ્રેસનું નામ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧૯ | નર્મદા, જળસંપતિ અને પા.પુ અને કલ્પસર વિભાગ | ૧૮–૨ | વડોદરા |
| ૨૦ | પંચાયત, ગ્રા. ગૃ. નિ.અને ગ્રા વિ. વિભાગ | ૧૯ | રાજકોટ |
| ૨૧ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૦ | રાજકોટ |
| ૨૨ | મહેસૂલ વિભાગ | ૨૧ | રાજકોટ |
| ૨૩ | માર્ગ અને મકાન વિભાગ | ૨૨–૧ | વડોદરા |
| ૨૪ | માર્ગ અને મકાન વિભાગ | ૨૨–૨ | વડોદરા |
| ૨૫ | વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગ | ૨૩ | ગાંધીનગર |
| ૨૬ | સામાજિક ન્યાય અને અધિ.વિભાગ | ૨૪–૧ | રાજકોટ |
| ૨૭ | સામાજિક ન્યાય અને અધિ.વિભાગ | ૨૪–૨ | ભાવનગર |
| ૨૮ | આદિજાતી વિકાસ વિભાગ | ૨૪–૩ | રાજકોટ |
| ૨૯ | આદિજાતિ વિકાસ વિભાગ | ૨૪–૪ | રાજકોટ |
| ૩૦ | રમત ગમત, યુવક સેવા અને સાં.પ્ર.વિ | ૨૫ | અમદાવાદ |
| ૩૧ | શહેરી વિકાસ અને શહેરી ગૃ.નિ.વિભાગ | ૨૬ | રાજકોટ |
| ૩૨ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૨૭ | અમદાવાદ |
| ૩૩ | કલાઈમેટ ચેઈન્જ વિભાગ | ૨૮ | અમદાવાદ |
| ૩૪ | અંદાજપત્ર પરિશિષ્ટો પુસ્તક–૧ | ૨૯–(૧) | અમદાવાદ |
| ૩૫ | અંદાજપત્ર પરિશિષ્ટો પુસ્તક–૨ | ૨૯–(૨) | વડોદરા |
| ૩૬ | ગુજરાત રાજવિત્તિય જવાબદારી અધિનિયમ–૨૦૦૫ અન્વયે નિવેદનો | ૩૦ | અમદાવાદ |
| ૩૭ | મહેકમ પુસ્તિકા | ૩૧ | ભાવનગર |

| ક્રમ | વિભાગનું નામ | પ્રકાશન નંબર | પ્રેસનું નામ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૩૮ | મહેકમ પુસ્તિકા (GIA) માટે | ૩૧(૧) | ભાવનગર |
| ૩૯ | પ્રવૃતિ રૂપરેખા | ૩૨ | ભાવનગર |
| ૪૦ | મધ્યમ ગાળાના રાજકોષીય લક્ષ્યાંકોનું પત્રક (MTEF) | ૫૭ | ગાંધીનગર |
| **અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક દ્વારા પ્રકાશિતઃ-** | | | |
| ૪૧ | સંક્ષિપ્ત અંદાજપત્ર | ૩૩ | અમદાવાદ |
| ૪૨ | સામાજિક આર્થિક સમીક્ષા (ગુજરાતી/અંગ્રેજી) | ૩૪ | ગાંધીનગર/ અમદાવાદ |
| **સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પ્રકાશિતઃ** | | | |
| ૪૩ | વિકાસ વિવરણ (ગુજરાતી/અંગ્રેજી) | ૩૫ | ગાંધીનગર/ અમદાવાદ |
| ૪૪ | આઉટકમ બજેટ (પરિણામલક્ષી બજેટ) (ગુજરાતી/અંગ્રેજી) | ૫૬ | અમદાવાદ |
| **પ્રત્યેક વિભાગ દ્વારા પ્રકાશિત કામગીરી અંદાજપત્રઃ-** | | | |
| ૪૫ | કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૩૬ | રાજકોટ |
| ૪૬ | શિક્ષણ વિભાગ | ૩૭ | ભાવનગર |
| ૪૭ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૩૮ | ભાવનગર |
| ૪૮ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ | ૩૯ | ગાંધીનગર |
| ૪૯ | વન અને પર્યાવરણ વિભાગ | ૪૦ | રાજકોટ |
| ૫૦ | સામાન્ય વહીવટ વિભાગ | ૪૧ | ગાંધીનગર |

| ક્રમ | વિભાગનું નામ | પ્રકાશન નંબર | પ્રેસનું નામ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૫૧ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૪૨ | ભાવનગર |
| ૫૨ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪૩ | ગાંધીનગર |
| ૫૩ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૪૪ | વડોદરા |
| ૫૪ | શ્રમ અને રોજગાર વિભાગ | ૪૫ | વડોદરા |
| ૫૫ | નર્મદા, જળસંપત્તિ, પા.પૂ. અને કલ્પસર વિભાગ | ૪૬ | વડોદરા |
| ૫૬ | પંચાયત, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૪૭ | ભાવનગર |
| ૫૭ | મહેસૂલ વિભાગ | ૪૮ | ભાવનગર |
| ૫૮ | માર્ગ અને મકાન વિભાગ | ૪૯ | વડોદરા |
| ૫૯ | વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ (S&TD) | ૫૦ | ગાંધીનગર |
| ૬૦ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૫૧ | ભાવનગર |
| ૬૧ | શહેરી વિકાસ અને શહેરી ગ્રૃહ નિર્માણ વિભાગ | ૫૨ | ભાવનગર |
| ૬૨ | રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૫૩ | ભાવનગર |
| ૬૩ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૫૪ | અમદાવાદ |
| ૬૪ | આદિજાતિ વિકાસ વિભાગ | ૫૫ | ભાવનગર |

--------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર